*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

TOPIC 81

## સુક્ષ્મ, લઘુ અને મધ્ય ઉદ્યોગો



- ચર્ચામાં શા માટે ?
- ભારતમાં MSMEની સ્થિતિ વિશે :
- MSMEના મુખ્ય પડકારો વિશે :-


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


TOPIC-81નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- COVID-19 મહામારી દ્વારા ઉભા થયેલા પડકારોને કારણે દેશમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (Micro-small and medium Enterprises-MSMEs) સૌથી વધુ અસરગ્રસ્ત થયા છે. દેશના મોટા ભાગના MSME પહેલાથી જ સંઘર્ષ કરી રહ્યા હતા પરંતુ લોકડાઉનના લીધે વેપારની અસરને કારણે તેમની સમસ્યા વધુ વધી છે.

## ભારતમાં MSMEની સ્થિતિ વિશે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- MSME (Micro-small and medium Enterprises) ક્ષેત્રના 99.5 ટકા ઉદ્યોગો સુક્ષ્મ (Micro) વર્ગમાં આવે છે.
- હાલમાં, ભારતના જુદા જુદા ભાગોમાં સ્થિત ઘણા MSME લગભગ 11 કરોડ લોકોને રોજગાર પૂરા પાડે છે.
- સરકારના વિવિધ પ્રયત્નો છતાં MSME સીધા બેંકિંગ ક્ષેત્રની પહોંચથી બહાર ન હોવા એ આ ક્ષેત્રની કટોકટીનું એક મોટું કારણ છે.
- MSMEને સુક્ષ્મ, લઘુ અને મધયમ ઉદ્યોગ અધિનિયમ, 2006 હેઠળ નિયંત્રિત કરવામાં આવે છે.
- ફેબ્રુઆરી 2018માં કેન્દ્ર સરકાર દ્વારા MSME રેટિંગના ધોરણને 'રોકાણ'થી 'વાર્ષિક ટર્નઓવર'માં બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જો કે આ ફેરફાર હજી સીધો અમલમાં નથી.
- સરકાર દ્વારા સૂચવેલી નવી વ્યાખ્યા મુજબ...
  - રૂ. 5 કરોડથી ઓછુ ટર્નઓવર ધરાવતા MSMEને 'સુક્ષ્મ' ઉદ્યોગ વર્ગમાં
  - રૂ. 5 કરોડથી 75 કરોડ સુધીના ટર્નઓવરવાળા MSMEને 'લઘુ' ઉદ્યોગ વર્ગમાં અને
  - રૂ. 75 કરોડથી 250 કરોડ સુધીના ટર્નઓવરવાળા MSMEને 'મધ્યમ' ઉદ્યોગ વર્ગમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

- નાણાકીય વર્ષ 2018-19ના આંકડા મુજબ MSME હેઠળ મોટા ભાગના ઉદ્યોગો ગ્રામીણ વિસ્તારોમાં સ્થિત છે.
- હાલમાં MSME લગભગ 11 કરોડ લોકોને રોજગારી પુરી પાડે છે. જોકે આમાંથી મોટાભાગનો રોજગાર શહેરી વિસ્તારોમાં સ્થિત MSME દ્વારા આપવામાં આવે છે.
- ભૌગોલિક દષ્ટિએ જોવામાં આવે તો દેશના ફક્ત 7 રાજ્યોમાં જ લગભગ 50 ટકા MSME સ્થિત છે.
- જેમા ઉત્તરપ્રદેશ (14%), પશ્ચિમ બંગાળ (14%), તલિમનાડુ (8%), મહારાષ્ટ્ર (8%), કર્ણાટક (6%), બિહાર (5%) અને આંધ્રપ્રદેશ (5%)નો સમાવેશ થાય છે.

## MSMEના મુખ્ય પડકારો વિશે :-

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- દેશમાં કાર્યરત MSME સામાન્ય રીતે ખૂબ જ નાના સ્તરે કાર્ય કરે છે, જેના કારણે તેમાંથી મોટાભાગની નોંધણી કરવામાં આવી નથી.
- મોટાભાગના MSME GSTની પહોંચથી દૂર છે અને કોઈપણ પ્રકારના ખાતા બનાવવા, કર ચૂકવવા અથવા અન્ય નિયમોનું પાલન કરવામાં પણ ખૂબ સક્રિય નથી.
- MSME ક્ષેત્રમાં ભંડોળનો અભાવ એ આ ક્ષેત્ર માટે સૌથી મોટો પડકાર છે.
- વર્ષ 2018માં પ્રકાશિત થયેલ ‘આંતરરાષ્ટ્રીય નાણાકીય નિગમ’ના અહેવાલ મુજબ MSME ક્ષેત્રમાં ઔપચારિક બેંકિંગ સિસ્ટમ દ્વારા MSMEની કુલ આવશ્યકતાના એક તૃતીયાંશ કરતા ઓછી લોન આપવામાં આવે છે.
- એટલે કે MSMEને મોટા ભાગની લોન અનૌપચારિક સ્ત્રોતથી મળે છે.
- નિષ્ણાતોના જણાવ્યા મુજબ COVID-19ના કારણે MSME ઉદ્યોગો પર સૌથી વધુ અસર થશે.

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like | comment | share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT